**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૮/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૨ કેસ કરી અને ૦૨ વ્યક્તિઓને ઝડપ્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૪/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :** **સમાચાર યાદી નં.૧૭૪૫/૧૫**

**આનંદનગર :** આનંદનગર વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષની પરણીતાએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૧૫ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે આરોપી વિનોદ કરશનભાઇ પંચાલ તથા એક અજાણ્યો પુરૂષ(૩૫ વર્ષના આશરાનો) પોતાના ઘરે આવી, અગાઉ બળાત્કારનો કેસ કરેલ છે તે પાછોં ખેંચી લેવા સારૂ ચપ્પુ બતાવી ધમકી આપી, વિનોદે પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.ડીંડોર ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૬/૧૫</u>**

**કાગડાપીઠ :** પ્યારઅલી મોતીલાલ ધનવાણી (રહે.નવરોજ એપાર્ટમેન્ટ, ખોજા સોસાયટી, કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૮/૧૫ નાં કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**વટવા :** શાહીદમહંમદ ઉસ્માનમીયા મલેક (રહે.ગ્રીન પાર્ક સોસાયટી, સૌરાષ્ટ્ર પેઇન્ટસની સામે, વટવા) એ તા.૨૬/૮/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૫ સાંજનાં ૬/૦૦ થી તા.૨૬/૮/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી અગત્યના દસ્તાવેજો, બે ગેસનાં બાટલાં, બે પંખા, ટી.વી., ડી.વી.ડી. મળી કુલ કિંમત રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રખિયાલ :** મોહ્મદઅકિલ જમીલઅહેમદ રાજપુત (રહે.ગુ.હા.બોર્ડ, મોમીન મસ્જીદ પાસે, ચારોડીયા, રખિયાલ) એ તા.૨૬/૮/૧૫ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૮/૧૫ નાં કલાક ૦૦/૩૦ થી સવારનાં ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની રખિયાલ મોરારજી ચોક ખાતે આવેલ રાજ મોબાઇલ નામની દુકાનનું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી અલગ-અલગ કંપની કુલ-૭ મોબાઇલ ફોન અને અલગ-અલગ દરની રીચાર્જ કુપનો મળી કુલ રૂપિયા ૭૧,૦૬૯/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૪૭/૧૫**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** સલીમ ઇસ્માઇલ શેખ (રહે.ગણેશનગરનાં છાપરાંમાં, પાવર હાઉસની બાજુમાં, પીથવજ ગામ, ખરાણા રોડ) એ માનસિક બીમારીથી કંટાળી જઇ, તા.૨૬/૮/૧૫ ના કલાક ૬/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સરદારબ્રીજ નીચે સાબરમતી નદીમાં પડી ડુબી જઇ, આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આલાભાઇ વજસીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)